પ્રકરણ ત્રીજું

શબ્દભંડોળ અંગે થયેલાં સંશોધનો

અંગ્રેજી શબ્દભંડોળ અંગે થયેલાં સંશોધનો:

'સંશોધન ક્ષેત્રે ભાષા વિશ્વભરના વિદ્વાનોનો પ્રિય વિષય રહ્યો છે. ભાષાશાસ્ત્રીઓએ ભાષાઓમાં ઉદ્ભવ, ભાષારચના (structure) શબ્દોની વ્યુત્પત્તિ, પ્રશિષ્ટ અને આધુનિક ભાષાઓના તુલનાત્મક અભ્યાસ, ભાષામાં પ્રચલિત થયેલાં વાક્યબંધો, માનવ બાળથી પ્રૌઢ માનવ સુધીની વ્યક્તિઓનો ભાષાકીય વિકાસ – એમનું શબ્દભંડોળ, પ્રથમ અને બીજી ભાષાનું શિક્ષણ, ઇત્યાદિ અનેક વિષયો પર ૧૯-૨૦મી સદીમાં વિદ્વાન ભાષાવિદોએ અનેક સંશોધનો કર્યાં છે. એમાંય ખાસ કરીને આ સદીમાં ભાષાઓનું વિજ્ઞાન (Linguistics -Science of Languages) વિકસાવવામાં આવ્યું છે. એમાં પ્રચલિત, બોલાતી, જીવંત ભાષાઓ (living languages) ના અભ્યાસ ઉપર અને ભાષાવિકાસના સામાજિક પરિબળોના પ્રદાન ઉપર – એમના પારસ્પરિક પ્રદાન ઉપર વિશેષ ધ્યાન અપાવા લાગ્યું છે.

અંગ્રેજી ભાષા તો આજે વિશ્વની ભાષાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ભાષાનાં બે અંગો – શબ્દો અને વાક્યબંધો. આ બેઉ અંગે અંગ્રેજી ભાષામાં ઘણાં સંશોધનો થયાં છે. જે લોકોની માતૃભાષા અંગ્રેજી નથી એમને બીજી ભાષા તરીકે અંગ્રેજી શીખવવા માટે આવશ્યક વાક્યબંધો (structures) ની યાદી કરવામાં આવી છે અને તેમને જે ક્રમમાં શીખવવાથી વિદેશી વિદ્યાર્થી પર-ભાષા સહેલાઇથી શીખે એ ક્રમમાં ગોઠવીને એને પ્રમાણિત કરવામાં આવી છે. જેને ભાષારચનાના અભિગમ (structural approach)

99

તરીકે ઓળખવામાં આવે છે તે અપનાવીને ગૂજરાત - મહારાષ્ટ્રમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આપણા પાઠ્યક્રમો અને પાઠ્યપુસ્તકો પણ એના પાયા પર રચાયેલાં હોય છે.

પોતાની ભાષા સારી પેઠે ખેડયા વિકસાવ્યા પછી વિશ્વના વિવિધ ભાષાભાષી લોકો એને સરળતાથી અપનાવે - એને પોતાના વિચાર - ઊર્મિઓનું વાહન બનાવે તે માટે પાયાના અંગ્રેજી (Basic English) ની સંકલ્પના કરવામાં આવી. માત્ર ૮૫૦ પસંદ કરેલા શબ્દોમાં વ્યક્તિ પોતાની સઘળી ભાષાકીય જરૂરતો સંતોષી શકે એવી એના પ્રયોજકોની ધારણા હતી. એટલા જ શબ્દોના ઉપયોગ વડે એમણે પુસ્તકો - વાચનમાળાઓ, ત્વરિત વાચનનાં પુસ્તકો, વગેરે લખ્યાં, અંગ્રેજી "પાયાના શબ્દભંડોળ"ની મર્યાદામાં રહીને એમણે અંગ્રેજી ભાષાનાં પ્રશિષ્ટ-શિષ્ટ ગ્રંથોને ફરીથી લખ્યા ને પ્રગટ કર્યા. "પાયાના શબ્દો" નો એક શબ્દકોશ પણ તેમણે તૈયાર કર્યો અને તેમાં શબ્દોના અર્થો પણ ઉપરોક્ત શબ્દમર્યાદાને વળગી રહીને આપ્યા. જગવિખ્યાત બ્રિટિશ રાજપુરુષ મરહૂમ વિન્સ્ટન ચર્ચીલે "પાયાના અંગ્રેજી" ના આંદોલનનું સમર્થન કર્યું હોવાછતાં સ્વભાષાને બદલે આ ભાષા અપનાવવા બહુ ઓછા દેશો લોકો તૈયાર થયા એ જુદી વાત છે. પરંતુ ભાષાશિક્ષણના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક ઢબે ને સંશોધનને આધારે એના શિક્ષણને સરળ બનાવવાના અને એને વિશ્વવ્યાપી પ્રચાર કરવાના એક સન્નિષ્ઠ પ્રયાસ તરીકે એનું મૂલ્ય ઘણું છે. બીજી પરભાષાઓના શિક્ષણનો પ્રબંધ કરવા ઇચ્છતા ઉત્સાહી લોકોને એ ઘણું દિશાસૂચન કરી જાય છે.

અંગ્રેજી ભાષા અંગે વિવિધ ક્ષેત્રોમાં અને વિવિધ પ્રકારનાં સંશોધનો થયાં છે. ભાષાનો ઉદ્ભવ, તેનું સ્વરૂપ, ભાષાની રચના

ભાષાકીય વિકાસ, ભાષાનાં કાર્યો યા ઉપયોગ, બાળકની વાચાનો ઉદ્ભવ ને વિકાસ, ભાષાનું શિક્ષણ, ઇત્યાદિ અનેક ક્ષેત્રોમાં વિવિધ પ્રકારનાં સંશોધનો થયાં છે અને આજે પણ થાય છે. પરંતુ બધાં ભાષાકીય સંશોધનોમાં શબ્દભંડોળ અંગેનાં સંશોધનને-નો હિસ્સો ઘણો મોટો છે. ઘણા સંશોધકોએ અંગ્રેજી શબ્દભંડોળ અંગે અનેકવિધ દૃષ્ટિબિંદુથી અને હેતુસર નાનામોટા અભ્યાસો હાથ ધર્યા છે. એ પૈકી થોડાંનો આછો પરિચય અહીં આપ્યો છે.

"બેઝીક ઇંગ્લીશ" ની માફક પૂર્વના દેશોમાં અંગ્રેજીના શિક્ષણનું કામ કરતા પામર અને હોર્નબી (૧૯૩૭) એ પરદેશી વિદ્યાર્થીઓ માટે "હજાર શબ્દોમાં અંગ્રેજી" (Thousand Words English) શીર્ષક હેઠળ ૧૦૦૦ શબ્દોની યાદી તૈયાર કરી.

અમેરિકાના થોર્નડાઇક, બંગાળ (હિંદ) માંથી વેસ્ટ, જપાનમાંથી પામર અને ચીનમાંથી ફોસેટ (૧૯૩૬) જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ભાષાવિદોની બનેલી સમિતિએ પ્રગટ કરેલા વચગાળાના અહેવાલમાં એક શબ્દયાદી તૈયાર કરી. વિશ્વના જુદા જુદા ભાગોમાં અંગ્રેજી ભાષાના શિક્ષણ અંગે પ્રત્યક્ષ કાર્ય કરતા સમિતિના વિદ્વાન સભ્યોએ જે શબ્દયાદીઓ તૈયાર કરી હતી તે પરથી એક સંકલિત યાદી તૈયાર કરવાનો સમિતિનો આશય હતો. સમિતિએ આ પૂર્વે બીજા સંશોધકોએ તૈયાર કરેલી કેટલીક યાદીઓને લક્ષમાં રાખીને તેમજ પોતાનો આ ક્ષેત્રના લાંબા અનુભવને આધારે ૨૦૦૦ શબ્દોની એક પાયાની યાદી તૈયાર કરી. ૧૨ થી ૧૮ વર્ષના અન્ય ભાષાભાષી વિદ્યાર્થીઓને શાળામાં અંગ્રેજી શીખવવા માટે આ યાદી તૈયાર કરવામાં આવી હતી. આ યાદીને ભાષારચનાના શબ્દો (structural words) અને વસ્તુ-શબ્દો (content words) માં

વહેંચી નાખવામાં આવી. નામો અને ક્રિયાપદોનું વળી વિષયવાર પણ વર્ગીકરણ કરવામાં આવ્યું.

માઇકલ વેસ્ટે આ યાદીને આધારે અંગ્રેજીને બીજી ભાષા તરીકે શીખવતા દેશોમાં વાપરી શકાય એવાં પાઠ્યપુસ્તકો (New Method English Readers - Books I to VII) વિશેષ વાચન માટેનાં શ્રેણીવાર પુસ્તકો અને એક "ન્યૂ મેથડ ડિક્શનરી" પણ તૈયાર કર્યાં. પોતે ભારતના એક પ્રાંતમાં કામ કરતા હોવાથી આ પુસ્તકો ભારતમાં પહેલા પ્રકાશિત થયાં અને તેનો ઉપયોગ કેટલીક શાળાઓમાં થવા લાગ્યો. એમનો અંગ્રેજી શબ્દકોશ તો ભારતની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પણ પોતે ગમે તે પધ્ધતિથી યા પાઠ્યપુસ્તકની મદદથી અંગ્રેજી શીખતા હોય તો પણ, જાતે વાંચીને અર્થગ્રહણ કરી શકે એટલો સરળ છે. શબ્દ ભંડોળ અંગે પાયાનું કામ કર્યા બાદ કોઇપણ ભાષાના ક્રમિક શિક્ષણમાં તેનો કેવો સુયોજિત રીતે ઉપયોગ થઇ શકે તેનો અનુકરણીય નમૂનો માઇકલ વેસ્ટે પૂરો પાડયો છે.

પ્રથમ ભાષા તરીકે અંગ્રેજી શીખતા વિદ્યાર્થીઓની જુદી જુદી વયકક્ષાને અનુલક્ષીને એમના આવશ્યક શબ્દભંડોળ અંગે કેટલાંક સંશોધનો થયાં છે. દા.ત. ૧ પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો માટે ગેઇટ્સ (૧૯૫૭) એ સૌથી વધારે મહત્ત્વના ૧૮૧૧ શબ્દોની એક યાદી તૈયાર કરી, સંશોધકના અભિપ્રાય પ્રમાણે વિદ્યાર્થીના વાચન શબ્દભંડોળ (reading vocabulary) તરીકે એમનાં પાઠ્યપુસ્તકોમાં આ યાદીનો ઉપયોગ થવો જોઇએ. ત્યારપછી પ્રગટ થયેલાં પાઠ્ય-પુસ્તકોના લેખકો પોતે વાપરેલા શબ્દો સાથે સરખાવી જોવાને આ યાદીનો ઉપયોગ કરતા હતા એ એની પ્રમાણભૂતતા તેમ જ ઉપયોગિતા બતાવે છે.

૫

૨ સ્ટોન્સ (૧૯૫૭) એ સને ૧૯૩૧ થી ૧૯૪૫ના દશકામાં પ્રગટ થયેલાં પ્રાથમિક શાળાનાં પહેલી ત્રણ શ્રેણી માટેનાં ૨૧ પાઠ્યપુસ્તકોમાં વપરાયેલા શબ્દોની યાદી કરી, તેમાંથી સૌથી વધુ વપરાયેલા શબ્દો પસંદ કરીને તેને ક્રમિક રીતે ગોઠવીને ૨૧૬૪ શબ્દોની યાદી બનાવી, તેમાંથી પણ શરૂઆતના વાચન માટે અનિવાર્ય એવા ૧૫૦ શબ્દો પસંદ કર્યા, અને બાકીના શબ્દોને વાચનના ૧૦ જુદા જુદા સ્તરો માટે ક્રમવાર ગોઠવ્યા.

૩ રીન્સલેન્ડ (૧૯૪૫) એ શબ્દયાદી બનાવવા માટે પાઠ્યપુસ્તકોના માધ્યમને બદલે વિદ્યાર્થીઓના લખાણોનું માધ્યમ સ્વીકાર્યું. જુદા જુદા ભૌગોલિક વિસ્તારોમાં અને ભિન્નભિન્ન આર્થિક સામાજિક સ્તરનાં બાળકોવાળી ૧૫૦૦ શાળાઓના આચાર્યોને પત્ર લખી બાળકોનાં મૌલિક લખાણો – પત્રો, વાર્તાઓ, કાવ્યો, નિબંધો, ઇત્યાદિ – ના થોડા નમૂના મોકલવા તેમણે વિનંતી કરી. એમને ૭૦૮ શાળામાંથી લગભગ બે લાખ લખાણો મળ્યાં. આ રીતે ભેગી કરેલી હકીકત ઉપરથી સંશોધકે નીચેનાં તારણો કાઢ્યાં:

૧. પહેલી શ્રેણીનાં બાળકોએ લગભગ ૫૦૦૦ શબ્દો વાપર્યા હતા,
૨. આઠમી શ્રેણીના વિદ્યાર્થીઓએ લગભગ ૧૮૦૦૦ શબ્દોનો ઉપયોગ કર્યો હતો, અને
૩. સામાન્ય રીતે આશા રખાય તે કરતાં ઘણા વધારે શબ્દો વિદ્યાર્થીઓ પોતાના લેખનમાં વાપરી શકે છે.

૪ જોન્સે (૧૯૫૭) અમેરિકાનાં જુદાં જુદાં રાજ્યોના શ્રેણી ૨થી ૮માં અભ્યાસ કરતા ૧૦૫૦ વિદ્યાર્થીઓનાં લેખનો

(compositions) ભેગા કર્યાં. વિદ્યાર્થીદીઠ ૫૬ થી ૧૦૫ લેખનો તેમને મળ્યાં. દોઢેક કરોડ શબ્દોના બનેલાં આશરે પોણો લાખ લેખનો પરથી એમણે તારણ કાઢ્યું કે બાળકોએ સરાસરી માત્ર ૪૫૩૨ વિવિધ શબ્દો વાપર્યાં હતા.

૫ વાપર શબ્દભંડોળ અંગેના આયોવા યુનિવર્સિટીએ હાથ ધરેલા એક સંશોધનમાં સંશોધકે કુલ ૩,૬૧,૧૮૪ શબ્દોના બનેલા વિદ્યાર્થીઓના ૩૭૨૩ પત્રો ઉપરથી તારણ કાઢ્યું હતું કે આયોવાના વિદ્યાર્થીઓનો વાપર શબ્દભંડોળ માત્ર ૨૯૭૭ શબ્દોનો હતો.

૬ અમેરિકામાં કનેક્ટિકટ રાજ્યના શ્રેણી ૩ થી ૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના નિબંધો પરથી ટિડમને (૧૯૨૭) પોતાના સંશોધનદ્વારા ૩૮૫૦ વિવિધ વાપર શબ્દો કાઢયા.

૭ મોન્ટાના, ટેકસાસ તથા ન્યૂ મેક્સિકોના શ્રેણી ૪ માં ભણતા વિદ્યાર્થીઓ પાસે નિબંધો લખાવી પ્રાપ્ત થયેલ ૮૮૭ નિબંધોને આધારે ગન (૧૯૩૭) એ એમનું ૩૪૫૪ શબ્દોનું બનેલું શબ્દભંડોળ તારવ્યું.

૮ ત્રણ જુદાં જુદાં રાજ્યોની ૫મી શ્રેણીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ લખેલા ૧૩૮૪ નિબંધો પરથી પ્રેટ (૧૯૩૨) એ તારવેલું શબ્દભંડોળ ૩૮૭૪ શબ્દોનું હોવાનું જણાવ્યું.

૯ સત્તર રાજ્યોના શ્રેણી ૬ ના વિદ્યાર્થીઓના ૩૬૬ પત્રો ઉપરથી હોફમને (૧૯૨૮) એમનું વાપર શબ્દભંડોળ ૨૭૮૯ હોવાનું તારણ કાઢ્યું.

૧૦ ૮મી શ્રેણીના વિદ્યાર્થીઓના ૪૯૯ પત્રો ઉપરથી

૭ બકીંઇન (૧૯૩૬) ને એમના ૩૦૦૩ વિવિધ શબ્દો પ્રાપ્ત થયા.

અત્યારસુધી આપણે વિદ્યાર્થીઓના શબ્દભંડોળ અંગેના સંશોધનની વાત કરી. [illegible] હવે શિક્ષકો માટેની શબ્દયાદી તૈયાર કરવાનું થોર્નડાઇકનું કામ જુઓ. થોર્નડાઇક ૧૯૨૧ એ કક્કાવાર ગોઠવાયેલા ૧૦,૦૦૦ શબ્દોની "શિક્ષકોની શબ્દપોથી" (The Teachers' Word Book) તૈયાર કરી. અને ૧૯૩૧ માં બીજી ૨૦૦૦૦ શબ્દોની અને ૧૯૪૪ માં ત્રીજી ૩૦,૦૦૦ શબ્દોની "શિક્ષકોની શબ્દપોથી" તૈયાર કરી. શબ્દોની યાદીઓ તૈયાર કરવામાં એમણે ખ્રિસ્તી ધર્મગ્રંથ બાઇબલ, અંગ્રેજી સાહિત્યનાં અનેક ખ્યાતનામ ગ્રંથો, બાળસાહિત્યનાં પુસ્તકો, પ્રાથમિક શાળાનાં પાઠ્યપુસ્તકો, દૈનિક વર્તમાનપત્રો, ઇત્યાદિ સાહિત્યનો ઉપયોગ કર્યો. થોર્નડાઇક અને એમના સાથીઓના બેઅઢી દશકા સુધી લંબાયેલા, આવા વ્યાપક સંશોધનોમાં શ્રેણી ૩ થી ૮ માં ભણતા વિદ્યાર્થીઓના શબ્દભંડોળનો પણ જુદો નિર્દેશ છે. વળી અંગ્રેજી ભાષાના સૌથી અગત્યના પહેલા હજાર શબ્દોની એક જુદી યાદી પણ એમણે તારવી છે.

ભારતીય સંશોધનો :

અંગ્રેજી ભાષાના શબ્દભંડોળ અંગે ઈંગ્લંડ-અમેરિકામાં તેમ જ વિશ્વમાં અન્યત્ર થયેલાં સંશોધનો અંગે ઉપર સંક્ષેપમાં જે માહિતી આપી છે તે ઉપરથી ત્યાંના વિદ્વાનો અને કેળવણીકારો એને કેટલું મહત્ત્વ આપે છે તે સમજાશે. ભારતમાં પણ જે ભાષાને લગતાં શૈક્ષણિક સંશોધનો થયાં છે તેમાં પણ બહુસંખ્ય સંશોધનો શબ્દભંડોળને અંગેનાં જ છે. એનો ટૂંકો પરિચય અહીં આપ્યો છે.

૧ સૌ પ્રથમ ભટ (૧૯૫૭)નું મુંબઇ શહેરનાં ૫ થી ૯

વર્ષના વયજૂથના બાળકોના મરાઠી શબ્દભંડોળ અંગેનું સંશોધન આપણું ધ્યાન ખેંચે છે. એમણે જુદી જુદી વયના ૧૦-૧૫ બાળકોની વ્યક્તિગત મુલાકાત લઇ એમને પરિચિત એવી પરિસ્થિતિમાંથી પસંદ કરેલ વસ્તુ યા ક્રિયા યા વિષય અંગે પ્રશ્નો પૂછી એમનુ વાપર શબ્દભંડોળ કેટલું હતુ તે જાણવાનો પ્રયાસ કર્યો. મોટી ઉંમરના બાળકો પ્રા. વી. જી. આપ્ટેકૃત "શબ્દાર્થ ચંદ્રિકા"ના ગ્રંથમાંના ૨૬,૦૦૦ શબ્દોમાંથી કેટલા શબ્દોથી પરિચિત છે તે પણ તેમણે નોંધ્યું. ભટના સંશોધનના મુખ્ય તારણો આ છે:

૧ ૬ વર્ષની ઉંમરના બાળકનું શબ્દભંડોળ ૫૦૦ શબ્દોનું છે, જયારે ૧૦ વર્ષના બાળકનું ૪૧૦૦ શબ્દો છે.

૨ મરાઠી ભાષાભાષી બાળકોનું શબ્દભંડોળ પશ્ચિમના દેશોના બાળકો કરતાં ઓછું છે.

૩ એક જ વયજૂથના પણ જુદા જુદા સામાજિક સ્તરો અને વર્ગોમાંથી આવતાં બાળકો જુદાં (એકસરખા નહીં) શબ્દો વાપરે છે.

૨ વાપર શબ્દભંડોળના સંશોધન માટે ચિયોળેકર (૧૯૫૭) નુ નામ જાણીતુ છે. તેમણે ચોથી શ્રેણીમાં ઉત્તીર્ણ થયા હોય તેવા મરાઠી વિદ્યાર્થીઓનો વાપર શબ્દભંડોળ શોધવા માટેનો અભ્યાસ હાથ ધર્યો હતો. સંશોધકે તાલુકા શાળાની શ્રેણી ૫ ના ૨૭૦ વિદ્યાર્થીઓને કથનાત્મક, વર્ણનાત્મક તથા પ્રક્ષેપણાત્મક પ્રકારના નિબંધોમાંથી દરેક પ્રકારનો એકેક નિબંધ લખવાનું કહ્યું. મરાઠીમાં લખાયેલા આ નિબંધોનું વિશ્લેષણ કરતાં સંશોધકને ૧,૦૦,૧૩૯ સળંગ શબ્દો અને ૨૮૮૩ વિવિધ શબ્દો પ્રાપ્ત થયા. સાથે સાથે તેમણે કેટલાક રસપ્રદ મુદ્દાઓનો પણ અભ્યાસ કર્યો. એમણે આપેલા વર્ણનાત્મક નિબંધો ચાર ક્ષેત્રોને સ્પર્શતા હતા: પશુજીવન, પ્રકૃતિ,

સમાજ અને પ્રવાસ. વિદ્યાર્થીઓએ ૧૬૪ નિબંધો પ્રાણીજીવન પર, ૭૬ પ્રકૃતિ પર, ૪૯ સમાજ પર તથા ૧૦ પ્રવાસ પર, લખ્યા હતા. આથી સિધ્ધ થયું કે પ્રાણીઓનું જીવન વિદ્યાર્થીઓનો માનીતો વિષય હતો. કથનાત્મક નિબંધોમાં પત્રો, આત્મકથાઓ, શબ્દ ચિત્રો, પર્યટનના અહેવાલો, મુસાફરી, મેળા, કલ્પનાત્મક લેખો, મહાપુરુષોનાં જીવન, સંવાદો, વાર્તાઓ, વગેરે હતાં. એમાં પણ વાર્તા તથા મહાપુરુષોનાં જીવન વિશે વધારે પ્રમાણમાં નિબંધો લખાયા હતા. ૬૦ માંથી ૨૨ વિદ્યાર્થીઓએ તો શિવાજીના જીવન વિશે લખ્યું હતું. ૨૨૭ જેટલા વિવિધ પ્રકારના પ્રક્ષેપણાત્મક નિબંધોમાં માતા વિશેના નિબંધ વિદ્યાર્થીઓમાં ઘણો પ્રિય હતો. નિબંધોમાં સંયુકત વાકયો કરતાં મિશ્ર વાકયો વધારે દૃષ્ટિગોચર થતાં હતાં.

ત્યારબાદ સંશોધકે વ્યાકરણની પરિભાષામાં શબ્દોનું વર્ગીકરણ કર્યું. વિવિધ શબ્દોની કુલ યાદીમાં ૧૯૭૫ નામો, ૪૦૫ વિશેષણો, ૩૨૦ ક્રિયાપદો કુલ શબ્દોના ૯૩.૬૫% હતા. માત્ર ૧૮૩ શબ્દો અન્ય પદોના હતા. આના પરથી એમણે એવું તારણ કાઢયું કે, મરાઠી બાળકો નામનો ખૂબ ઉપયોગ કરે છે. બાળકો વસ્તુ જાણવાને ઉત્સુક હોય છે. નામની સરખામણીમાં ક્રિયાપદોની સંખ્યા ઓછી છે. કુલ ૧,૦૦,૧૩૯ શબ્દોના તે ૨૫% છે અને ૨૮૮૩ વાપર શબ્દોના તો માત્ર ૧૧% છે. ભટ્ટની ઓળખ શબ્દભંડોળની યાદી સાથે પોતાની વાપર શબ્દભંડોળની યાદી સરખાવી તો ૪૭ ટકા શબ્દો ઓળખ શબ્દભંડોળ સાથે મળતા આવતા હતા. ઓળખ શબ્દભંડોળના ૪૧૦૦ શબ્દોમાંથી ૩૩ ટકા એમના વાપર શબ્દભંડોળ સાથે મળતા આવતા હતા.

૩ વિદ્યાર્થીઓના શબ્દભંડોળ એકત્ર કરવાના કામમાં ૩કમણી (૧૯૬૦) નું કામ મહત્ત્વનું છે. સંશોધકે ઉદેપુર (રાજસ્થાન) અને તેની આસપાસના શ્રેણી ૨ / ૩ ના ૭+ અને ૮+) ની વયનાં બાળકોના હિન્દી ભાષાના શબ્દભંડોળ અંગે નોર્મેટીવ સર્વેક્ષણની તથા અવલોકનની પધ્ધતિથી અભ્યાસ હાથ ધર્યો. એના હેતુઓ આ પ્રમાણે હતા:

૧. રાજસ્થાનની શાળાના બીજા ધોરણમાં અભ્યાસ કરતાં ૭ + ની વયનાં બાળકોના શબ્દભંડોળની આંકણી કરવી,
૨. બીજી શ્રેણીના રાષ્ટ્રીકૃત પાઠ્યપુસ્તકનું શબ્દભંડોળ એકઠું કરવું,
૩. બાળકોના શબ્દભંડોળ તથા પાઠ્યપુસ્તકની શબ્દ યાદીનો તુલનાત્મક અભ્યાસ કરવો,
૪. બીજી શ્રેણીમાં ભણતાં ૭ + વર્ષનાં બાળકોને માફક આવે એવા શબ્દોની પસંદગી માટેના માનદંડ (criteria) નક્કી કરવા, અને
૫. ૭ + વયના કુમારો અને કન્યાઓના શબ્દભંડોળના વ્યાપની સરખામણી કરવી.

બોલાતા અથવા મૌખિક શબ્દભંડોળ અંગેના આ અભ્યાસમાં સંશોધકે ઉદેપુર અને તેની આસપાસની પાંચે શાળાઓના શ્રેણી ૨ના ૭+ વયનાં ૨૦-૨૦ બાળકો અને શ્રેણી ૩ ના ૮+ વયનાં ૧૦-૧૦ બાળકોની મૌખિક ભાષાના નમૂના ભેગા કર્યા. સંશોધકે પ્રત્યેક બાળક સાથે બબ્બે કલાક ગાળ્યા. આ સમયને પાંચ મુલાકાતમાં વહેંચી નાખવામાં આવ્યો. પહેલી ૧૫ મિનિટમાં સંશોધકે બાળક સાથે ઘરોબો (Rapport) કેળવ્યો. શબ્દોની નોંધ લેવા માટેની

બીજી, ત્રીજી ને ચોથી મુલાકાતો ૩૦ મિનિટ માટે યોજવામાં આવી હતી. છેલ્લી મુલાકાત ૧૫ મિનિટની જ હતી. બાળક પાસે યોગ્ય પ્રતિભાવ મેળવવાની અર્થાત્ જરૂરી શબ્દો બોલાવવાની આશાથી ઘરની, શાળાની, તેમ જ રમતની પરિસ્થિતિનું આલેખન કરતાં ચિત્રો અને તેને વિશેની વાતચીતનો ઉપયોગ અનુક્રમે બીજી, ત્રીજી અને ચોથી મુલાકાતમાં ઉદ્દીપક તરીકે કરવામાં આવ્યો. પાંચમી મુલાકાતમાં સંશોધકે બાળકને એક વાર્તા કહેવાનું જણાવ્યું. ત્યારબાદ બધી મુલાકાતો દરમિયાન બાળકો પાસેથી પ્રાપ્ત થયેલા શબ્દોનો સંશોધકે અભ્યાસ કર્યો. એમણે પ્રત્યેક વિદ્યાર્થીએ વાપરેલા શબ્દોની યાદી બીજી શ્રેણીની ૨૦ અને ત્રીજી શ્રેણીની ૧૦ તૈયાર કરી. આ યાદીઓ પરથી તૈયાર થયેલી સંકલિત યાદીમાં બીજી શ્રેણીના વિદ્યાર્થીઓએ ૧૨૩૨ શબ્દો અને ત્રીજી શ્રેણીના વિદ્યાર્થીઓના ૧૬૪૭ શબ્દો હતા. આવૃત્તિ (frequency) ની દૃષ્ટિએ આ શબ્દોનું વર્ગીકરણ આ પ્રમાણે હતું: કુલ ૧૨૩૨ શબ્દોમાંથી ૭૫ થી ૧૦૦ ટકા જેટલી આવૃત્તિ ધરાવતા ૬૫ શબ્દો, ૫૦ થી ૭૪ ટકા જેટલી આવૃત્તિ ધરાવતા ૧૨૩ શબ્દો, ૨૫ થી ૪૯ ટકા જેટલી આવૃત્તિ ધરાવતા ૪૨૪ શબ્દો, ૧ થી ૨૪ ટકા જેટલી આવૃત્તિ ધરાવતા ૬૨૦ શબ્દો હતા.

ઉપરોક્ત યાદીઓ પરથી સંશોધકનાં તારણો આવાં હતાં: ૧. બીજી શ્રેણીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થયેલા સંકલિત શબ્દભંડોળમાં કુલ ૧૨૩૨ શબ્દો હતા, જ્યારે એ જ શ્રેણીના રાષ્ટ્રીકૃત પાઠ્યપુસ્તકમાં માત્ર ૮૨૧ શબ્દો હતા, ૪૩૬ શબ્દો બેઉ યાદીમાં આવે છે. ૨. ૧૨૩૨ શબ્દોમાંથી ૭૭૧ નામ (૬૨.૫%), ૨૪૧ ક્રિયાપદ (૧૯.૫%), ૧૧૨ વિશેષણ (૯.૧%), ૨૪ સર્વનામ (૨.૦%) અને ૮૪ અન્ય પદોના શબ્દો (૬.૯%) છે. ૩. બીજી શ્રેણીના પાઠ્યપુસ્તકની શબ્દયાદીનું વિશ્લેષણ કરતાં

તેમાં ૪૨૪ નામ, ૧૪૯ ક્રિયાપદ, ૧૦૮ વિશેષણ, ૨૭ સર્વનામ અને ૧૧૩ અન્ય શબ્દો હોવાનું માલૂમ પડ્યું છે. ૪. વિદ્યાર્થીઓની મૌખિક ભાષાના તથા પાઠયપુસ્તકની ભાષાના શબ્દભંડોળમાં નામોનું પ્રમાણ અનુક્રમે ૬૨.૫૮ ટકા અને ૫૧.૮૫ ટકા શબ્દો છે. ૫. ત્રીજી શ્રેણીના ૮+ વયનાં બાળકોએ વાપરેલા કુલ ૧૬૪૭ શબ્દોમાં માત્ર ૪૩૦ શબ્દો જ નવા (બીજી શ્રેણીના વિદ્યાર્થીઓએ નહીં વાપરેલા) હતા. અંતે સંશોધકે એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે પાઠયપુસ્તકનું સમગ્ર શબ્દભંડોળ વધારવાની જરૂર છે, વિદ્યાર્થીઓની બોલાયેલી ભાષાના શબ્દોમાંથી તેમ જ બીજી શ્રેણીના ઓળખ શબ્દોમાંથી વધુ શબ્દો ત્રીજી શ્રેણીના પાઠયપુસ્તકમાં વપરાવા જોઇએ, તથા શબ્દોની પસંદગી ઊંચી આવૃત્તિના ધોરણે કરવી જોઇએ.

૪ પાશ્રીચા અને દાસ (૧૯૫૯) આ બન્ને સંશોધકોએ દિલ્હીની શાળાની છઠ્ઠી શ્રેણીનાં બાળકોનો લેખિત શબ્દભંડોળ એકત્ર કરી તેનું પૃથક્કરણ કરવાના હેતુથી આ અભ્યાસ હાથ ધર્યો હતો.

૧૨ જુદી જુદી શાળાના ૫૨૭ વિદ્યાર્થીઓને તેમણે નમૂના તરીકે પસંદ કર્યા. તેમાં કુમાર અને કન્યાઓનું પ્રમાણ સરખું હતું. તેમ જ સામાજિક આર્થિક સ્તરોના વિદ્યાર્થીઓની સંખ્યા પણ સરખી જ હતી. નિબંધનો પ્રારંભ કર્યો હોય તેવાં પત્રકો વિદ્યાર્થી-ઓને આપી તેમાં આગળ ગમે તે લખીને નિબંધ પૂરો કરવાનું તેમને કહેવામાં આવ્યું.

તારણો:

૧. સરખી સામાજિક ભૂમિકાવાળાં કન્યાઓ તથા કુમારોની ભાષાને સરખાવતાં ભાષામાં કન્યાઓ ચડિયાતી લાગી.

૨. અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલાં બધાં જૂથોમાં કુમારોની સરખામણીમાં કન્યાઓ હંમેશ ચડિયાતી માલૂમ પડી.

૩. નીચલાં સામાજિક આર્થિક સ્તરનાં બાળકો કરતાં સધ્ધર સ્તરનાં બાળકોએ ઊંચી સિધ્ધિ પ્રાપ્ત કરી.

૪. પ્રત્યેક સામાજિક આર્થિક સ્તરના જૂથમાં બાળકોએ વાપરેલા વિવિધ પ્રકારના શબ્દોનું પ્રમાણ સરખું હતું.

૫. અરૂણાજાતાઇ અને શ્રીનિવાસાચારી (૧૯૬૮)એ ૪ થી ૭ વર્ષની વયના તામીલ વિદ્યાર્થીઓનો કાર્યકારી શબ્દભંડોળ શોધવાનો પ્રયત્ન કર્યો. તેમણે ૩૦ થી ૬૦ મહિનાની ઉંમરનાં ૭૦૦ બાળકોની ભાષા તથા તેમના વિચારો અંગે માહિતી ભેગી કરી. બાળકોની પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતા શબ્દો ભેગા કરી સંશોધકોએ તેની યાદી બનાવી. વચગાળાના અહેવાલની પૂર્તિરૂપે ૭૦ અભ્યાસપત્રકો ગમે તે રીતે પસંદ કરી વિદ્યાર્થીઓ જે ભાષા બોલ્યા તેને ટેઇપ કરવામાં આવી. જુદી જુદી રીતે બાળકોને પ્રેરણા (incentive) મળતાં ૪૨૫ નવા શબ્દો પ્રાપ્ત થયા. પૂર્વ પ્રાથમિક વયકક્ષાનાં તામીલ બાળકો પાસેથી ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલો કાર્યકારી શબ્દભંડોળ પ્રાપ્ત થયો. આશ્ચર્યજનક વાત એ લાગે છે કે શાળામાં પ્રવેશેલાં બાળકો કરતાં નહિ પ્રવેશેલાં બાળકોનો આંક ઊંચો હતો, વળી ૪૮ થી ૬૦ મહિનાના વયજૂથમાં કુમારો કરતાં કન્યાઓનું શબ્દભંડોળ વધારે હતું. આ સંશોધન પરથી એવું પણ માલૂમ પડ્યું કે બાળકોને ત્રણ પુરૂષો, વચનો તથા પ્રત્યયોનો ખ્યાલ પણ હતો, અને આ બાળકો તેનો યથાર્થ ઉપયોગ કરી શકતાં હતા. પાયાનાં વાકયબંધો તથા સાદાં મિશ્ર વાકયો પણ તેમને આવડતાં હતાં. નીચલા સામાજિક આર્થિક સ્તરના વિદ્યાર્થીઓનું સરાસરી શબ્દભંડોળ વધુ આવકવાળા જૂથનાં બાળકો

કરતાં ઊંચું હતું. ભાઇબહેનોવાળાં બાળકોનું સરાસરી શબ્દભંડોળ ભાઇબહેન વગરનાં બાળકોનું સરાસરી શબ્દભંડોળ વધારે હતું.

૬ ચન્દ્રશેખરિયા (૧૯૬૪) એ કર્ણાટક (જૂના મૈસૂર) રાજ્યના બધા વિસ્તારોમાં વસતાં અને શ્રેણી ૧ થી ૭ માં ભણતાં બાળકો ઓળખી – સમજી શકે, અને જેનો ઉપયોગ પૂરક વાચન-સાહિત્ય તૈયાર કરવામાં થઇ શકે એવી ૪૦૦૦ થી ૫૦૦૦ કન્નડ શબ્દોની ક્રમિક યાદી તૈયાર કરવાનો આશય નજર સમક્ષ રાખીને એક અભ્યાસ હાથ ધર્યો. આ પહેલાં કેટલાક મંડળો અને વ્યક્તિઓએ સંશોધનના ફળરૂપે તૈયાર કરેલી શબ્દયાદીઓ તેમ જ સરકારી વાચનમાળાના ઉપયોગ કરી ૫,૭૫૭ શબ્દોની એક પ્રારંભિક યાદી તૈયાર કરી. નગર અને ગ્રામવિસ્તારની તથા ઝૂંપડપટ્ટીની શાળાઓના, રાજ્યના વીસ જિલ્લાઓમાંથી ૧૦ લેખે, ૨૦૦ પ્રાથમિક શિક્ષક-શિક્ષિકાઓને શબ્દોની પસંદગી ચકાસી જોવા તથા એનો ક્રમ નક્કી કરવા રોકવામાં આવ્યા. પ્રારંભિક યાદીનું આ રીતે વિશ્લેષણ કર્યા પછી એમાંથી ૫૦૦૦ શબ્દો ચૂંટી કાઢવામાં આવ્યા, અને એના પરથી પાયાની, ક્રમિક, સર્વગ્રાહી શબ્દયાદી તૈયાર કરવામાં આવી. આ શબ્દોને શ્રેણીવાર નીચે પ્રમાણે વહેંચવામાં આવ્યા:

શ્રેણી ૧, ૨, ૩ અને ૬ દરેકમાં ૭૦૦ શબ્દો,
શ્રેણી ૪ માં ૭૫૦ શબ્દો,
શ્રેણી ૫ માં ૮૦૦ શબ્દો અને
શ્રેણી ૭ માં ૬૫૦ શબ્દો.

૭ શંકર (૧૯૭૧) ના સંશોધનના હેતુઓ આ પ્રમાણે હતા:

૧. બાળકોના પાયાના અર્થગ્રહણ શબ્દભંડોળનો ખ્યાલ મેળવવાનો,

૨. પાઠયપુસ્તક લેખકોને કઠિનતામૂલ્ય સાથે શબ્દસૂચિ પૂરી પાડવી. જેથી તેઓ છઠ્ઠી શ્રેણી માટે ક્રમિક પાઠયપુસ્તકો અને વિશેષ વાચન માટેનું સાહિત્ય તૈયાર કરી શકે,

૩. શિક્ષકોનાં વકતવ્ય કે આકાશવાણી પરથી પ્રસારિત થતા વાર્તાલાપ મોટા ભાગના વિદ્યાર્થીઓ સમજી શકે તે માટે શિક્ષકોને મદદ કરવી.

૪. જેની ભાષા નબળી હોય તેવાં મંદ બાળકોને માટે નિદાન કસોટી તૈયાર કરવામાં સહાયરૂપ થવું.

પ્રથમ તબક્કાના નમૂના માટે ધોરણ છઠ્ઠાના ૨૯૭ છોકરાઓ અને ૧૦૩ છોકરીઓ પસંદ કર્યાં હતાં. પંજાબ એડયુકેશન ડિપાર્ટમેન્ટે ૧૯૬૬ માં તથા એન.સી.ઇ.આર.ટી.એ ૧૯૬૭માં જેની ભલામણ કરેલી તેવાં શ્રેણી ૪ ને ૫ નાં પુસ્તકો પરથી શિક્ષકો સાથેની મસલત કર્યા બાદ ૫૨૦ નવા શબ્દોમાંથી ૪ શબ્દ યાદીઓ તૈયાર કરી. બીજે તબક્કે હરિયાણા સરકાર અને પંજાબ એડયુકેશન ડિપાર્ટમેન્ટ તથા એન.સી.ઇ.આર.ટી.એ નકકી કરેલાં શ્રેણી ૬ ના પાઠયપુસ્તક તથા પૂરક વાચનનાં પુસ્તકોમાંથી તેમ જ વિદ્યાર્થીઓના બોલાતા લખાતા શબ્દોમાંથી ૨૪૧૮ વિષયવસ્તુ (content) ના શબ્દો પસંદ કર્યા. આ શબ્દોની નાનીનાની યાદીઓ વિદ્યાર્થીઓને તેઓ કેટલા શબ્દો ઓળખી શકે છે તે જાણવા માટે આપવામાં આવી.

છેવટે બે શબ્દયાદીઓ તૈયાર થઇ. પહેલીમાં શ્રેણી ૪ અને ૫ ના પાઠયપુસ્તકોના જે શબ્દો ૭૦ % વિદ્યાર્થીઓને પરિચિત હતા તેની, અને બીજી યાદી જેમાં ૬ઠ્ઠી શ્રેણીના પાઠયપુસ્તકમાંથી અને વિદ્યાર્થીઓની લેખી મૌખિક અભિવ્યક્તિમાંથી પસંદ કર્યાં હતા અને નીચલી શ્રેણીના ૭૦% થી ઓછા વિદ્યાર્થીઓ જાણતા હતા તેની.

१६

८ वकील (१९५५) नुं श्रेणी ~~पांचमीना~~ ११ + वयना विद्यार्थीओना गुजराती शब्दभंडोळ शैक्षणिक क्षेत्रमां थयेला भाषाकीय संशोधनोमां नवी भात पाडनार महत्त्वपूर्ण संशोधन छे. संशोधकनो हेतु मुंबइ शहेरना ११ + वर्षनां गुजराती बाळकोनो वापर तेम ज ओळख भाषाभंडोळ काढवानो हतो. ओळख शब्दभंडोळ माटे एमणे पांचमी श्रेणी माटे मंजूर थयेलां चार गूजराती वाचनमाळाना सळंग शब्दोनी गणतरी करीने एमांथी ९५०७६ सळंग शब्दोनी अने १४२०८ जुदा शब्दोनी यादी तैयार करी. हजारेक शब्दोनी आठ जुदी जुदी शब्दयादीनो उपयोग १० शाळाना ४६१ विद्यार्थीओना ओळख शब्दभंडोळ जाणवा माटे कर्यो. परिणामे संशोधके ७९३२ विविध शब्दोनी यादी तैयार करी. वापर शब्दभंडोळ माटे एमणे मुंबइ शहेर अने परांनी १२ शाळा ९९६ विद्यार्थीओने संशोधके पसंद करेला ३३ विषयोमांथी कोइपण एक विषय पर निबंध लखवानुं कहेवामां आव्युं. एमने आवेला ९०६ विद्यार्थी-लेखनोमांना शब्दोनी गणतरी करतां एमने कुल १,०३,३३५ शब्दो अने ४०२५ विविध शब्दो मळ्या.

ओळख अने वापर शब्दोनी बेउ यादीनुं संशोधके अनेक विविध रीते वर्गीकरण कर्युं. एने शब्दोनी आवृत्ति प्रमाणे, विषय-वस्तु प्रमाणे, व्याकरणनां पदो प्रमाणे, तत्सम अने तद्भव शब्दो प्रमाणे, गूजरातीमां रूढ थयेला विदेशी भाषाना शब्दो प्रमाणे, - आम विविध रीते शब्दयादीओनो विगते अभ्यास करी संशोधके घणी उपयोगी माहिती पूरी पाडी छे. वळी आ उंमरना अंग्रेजी हिन्दी, मराठी भाषाभाषी विद्यार्थीओना शब्दभंडोळ साथे पोतानी यादीनी तुलना पण संशोधके करी छे. बेउ यादीमांथी आवृत्तिने अनुलक्षीने संशोधके पहेला १००० शब्दोनी जुदी यादीओ पण तारवी काढी छे. गूजरातना आ पहेला १००० शब्दोनी तुलना हिन्दी अने अंग्रेजी भाषाना पहेला १००० शब्दो साथे करवामां आवी

છે. શબ્દભંડોળના સંશોધનોમાં આ સંશોધકે નવા ચીલા પાડયા છે જેમાંના કેટલાક એમના અનુગામીઓને ઉપકારક નીવડયા છે.

૯ રાવળ (૧૯૫૯) એ ૧૨ + વયના વિદ્યાર્થીઓના ઓળખ અને વાપર શબ્દભંડોળ અંગેનું સંશોધન કર્યું છે. આ વયજૂથના વિદ્યાર્થીઓનું વાપર શબ્દભંડોળ મેળવવા માટે સંશોધકે ૨૦ પ્રશ્નપત્રો જોઇને ૧૦ અનુભવી શિક્ષકોની મદદથી ૧૨૯ વિષયોની યાદી તૈયાર કરી. અને તેમાંથી ૨૯ વિષયો પર નિબંધો અને ૫ વિષયો પર પત્રો લખાવવાનું નકકી કર્યું. શ્રેણી ૬ઠ્ઠીમાં અભ્યાસ કરતા મુંબઇની શાળાઓમાંથી ૨૪૦ અને ગૂજરાતી શાળાઓમાંથી ૧૦૬૦ વિદ્યાર્થીઓને ઉપરોકત યાદીમાંથી પસંદ કરી એક નિબંધ ને એક પત્ર લખવાનું કહેવામાં આવ્યું. ઓળખ શબ્દોની પ્રથમ યાદી પ્રાપ્ત કરવા માટે આ સંશોધકે પણ છઠ્ઠી શ્રેણીનાં છ સરકારમાન્ય પાઠયપુસ્તકોનો આશરો લીધો. ૧૯૬૭ વિવિધ ઓળખ શબ્દોનું વ્યાકરણનાં પદો તથા તત્સમ તદ્ભવ દેશ્ય શબ્દો પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવ્યું. વાપર અને ઓળખ શબ્દભંડોળમાં વસ્તુ-શબ્દો અનુક્રમે ૯૫.૭૩ અને ૬૯.૨૬ ટકા હતા. વાપર તથા ઓળખ શબ્દોની બેઉ યાદીમાંથી સંશોધકે એકેક હજાર પહેલા શબ્દો તારવી કાઢયા અને તેનું વસ્તુ યા વિચાર દર્શાવનાર, વ્યકિત બતાવનાર ગુણ દર્શાવનાર, માપ બતાવનાર, સંખ્યાદર્શક, સ્થાનદર્શક, સમયદર્શક, પ્રશ્નવાચક, ઇત્યાદિ શબ્દોમાં તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું. વાપર અને ઓળખ શબ્દોની પણ યાદી કરવામાં આવી. સંશોધકે પોતાની યાદી વકીલની યાદી સાથે સરખાવ્યા પછી તેમ જ અનુભવી શિક્ષકો સાથે મસલત કરીને ૧૧૩૪ શબ્દોની છેવટની યાદી તૈયાર કરી.

૧૦ લાકડાવાળા (૧૯૬૦) એ ૧૩ + વયના ગૂજરાતી વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ શોધ્યું. તેમણે પણ વાપર શબ્દભંડોળ તેમ જ

૧૮ ઓળખ શબ્દભંડોળ શોધવાનો પ્રયત્ન કર્યો.

ઓળખ શબ્દભંડોળ માટે તેમણે પણ વકીલની માફક શ્રેણી ૭ નાં ૭ સરકાર માન્ય ગૂજરાતી પાઠયપુસ્તકોનો આધાર લીધો છે. આ પાઠયપુસ્તકોમાંથી આવૃત્તિ સાથે શબ્દોની યાદી તૈયાર કરી. જેમાં ૨૦૨૧૧૩ સળંગ શબ્દો અને ૧૪,૭૧૭ વિવિધ શબ્દો હતા. આ શબ્દોની ૬ વિવિધ યાદીઓ આવૃત્તિ સાથે બનાવી ત્યારબાદ એક કે બે પાઠયપુસ્તકમાં વપરાતા શબ્દોની અલગ યાદી તૈયાર કરી. ઓછી આવૃત્તિવાળા શબ્દોને વકીલની યાદી સાથે સરખાવ્યા તો માલૂમ પડયું કે ૧૦,૧૧૨ શબ્દોમાંથી બન્નેમાં ૩,૪૦૫ શબ્દો એક સરખા હતા. બાકીના શબ્દોની શિક્ષકો સાથે ચર્ચા કરી વધઘટ કરીને સંશોધકેર્ં આખરી શબ્દોનું ત્રણ યાદીમાં વર્ગીકરણ કર્યું. દરેકની ૧૦ પૂરક કસોટીઓ બનાવી. જેમાં બહુવિકલ્પ, જોડકાં, વિરોધી શબ્દો તથા સમાન શબ્દો વગેરે પ્રકારનો સમાવેશ કર્યો. પ્રથમ, દ્વિતીય, તથા તૃતીય કસોટી ૪૫૬, ૪૫૫ અને ૪૫૬ બાળકોને અનુક્રમે આપી. ૫૦ ટકા કરતાં વધારે વિદ્યાર્થીઓને પરિચિત હોય તેવા શબ્દો લેવામાં આવ્યા.

૧૨,૬૬૭ શબ્દોની કસોટી જે તૈયાર કરવામાં આવી ને આ તમામ શબ્દોનું વ્યાકરણની દ્રષ્ટિએ, વ્યુત્પત્તિની દ્રષ્ટિએ, તથા આવૃત્તિને આધારે ૧૫ ઉપયાદીઓમાં વર્ગીકરણ કરવામાં આવ્યું.

વાપર શબ્દભંડોળ શાળાંત પરીક્ષાના ૧૦ વર્ષના પ્રશ્નપત્રોને આધારે વિષયો નક્કી કરી નિબંધો લખાવીને મેળવવામાં આવ્યો. નિબંધો લગભગ ૧૬ જેટલા હતા. આ ઉપરાંત નક્કી કરેલી ચોક્કસ વાર્તામાંથી એક મનપસંદ વાર્તા લખવાનું પણ વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું. આ ઉપરાંતની બીજી કોઇપણ વાર્તા લખવાની વિદ્યાર્થીને છૂટ આપવામાં આવી. ગામડાંની ૨૦ શાળાના ૨૮૧

૧૯ વિદ્યાર્થીઓ, ઔદ્યોગિક વિસ્તારમાંની ૧૦ શાળાના ૩૬૦ વિદ્યાર્થીઓ તથા શહેરની ૧૧ શાળાના ૨૮૬ વિદ્યાર્થીઓની પાસે નિબંધો તથા વાર્તા લખાવવામાં આવ્યાં. ત્યારપછી આ નિબંધોમાં વિદ્યાર્થીઓએ વાપરેલા શબ્દોની યાદી કરવામાં આવી. તેના કોઠા બનાવવામાં આવ્યા તથા વારંવારિતા, વ્યાકરણનું રૂપ, શબ્દનું મૂળ વગેરે દ્રષ્ટિએ તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું. જોડાક્ષર શબ્દો, પ્રયોગો, એક વર્ગના (homonyms) શબ્દો વગેરેની અલગ યાદી તૈયાર કરવામાં આવી. છેવટની યાદી ૮૫૭૦ જુદા જુદા શબ્દોની બની.

બન્ને પ્રકારની યાદીને સરખાવતાં માલૂમ પડ્યું કે ૧૨,૧૬૭ ઓળખ શબ્દોમાં અને ૮૫૭૦ વાપર શબ્દોમાં ૫૮૪૦ શબ્દો બન્ને યાદીમાં સરખા હતા. ઓળખ શબ્દભંડોળમાં ફક્ત ૩૨૮ શબ્દો અંગ્રેજી ભાષાના હતા. પણ વાપર શબ્દભંડોળમાં ૫૦૧ અંગ્રેજી શબ્દો હતા. ઓળખ શબ્દભંડોળમાં શબ્દોના ૬૩ ટકા નામ, ૧૧.૫૪ ટકા ક્રિયાપદો, ૧૯.૪૨ ટકા વિશેષણો, ૦.૫૮ ટકા સર્વનામો ને ૫.૩૯ ટકા ક્રિયા વિશેષણો હતાં.

થઇ ગયેલાં સંશોધનોમાંથી મળતું માર્ગદર્શન :

ઉપર ૧૦ વિદેશી અને ૧૦ ભારતીય સંશોધનોનો નિષ્કર્ષ આપ્યો છે. સામાન્ય રીતે નવું સંશોધન હાથ ધરતાં પહેલાં આગળ થઇ ગયેલાં સંશોધનો પર દ્રષ્ટિપાત કરવો આવશ્યક છે, જેથી થઇ ગયેલાં સંશોધનોની વિશિષ્ટતાઓ – ક્ષેત્ર યા વિષયની પસંદગી સંશોધનની પધ્ધતિ, સંશોધનનાં સાધનો (tools or instruments) તારણો કાઢવાની સંશોધકોએ અખત્યાર કરેલી રીતો, વગેરે નવા સંશોધક માટે રાહદર્શક બની રહે. વળી એક જ ક્ષેત્રમાં હાથ ધરાતા જૂના-નવા સંશોધનો વચ્ચે સાતત્ય તથા અનુબંધ જળવાઇ રહે.

આજ પહેલાં થઇ ગયેલાં દેશી વિદેશી ભાષાકીય સંશોધનોમાં એક બાબતનું સામ્ય વર્તાય છે અને તે એ કે આવા સંશોધનો પૈકી શબ્દભંડોળ અંગેનાં સંશોધનોનો હિસ્સો ઘણો મોટો છે. દેસાઇ અને રોય (૧૯૭૪) પણ ભારતમાં થયેલાં પાઠ્યક્રમો, પધ્ધતિ અને શિક્ષણ અંગેનાં સંશોધનોની સમાલોચના કરતાં આજ બાબત નોંધે છે. તેઓ કહે છે કે -

"Studies on vocabulary comprised one-fourth of the total number of studies under review. Vocabulary is the first step in learning a language. Research on vocabulary is therefore of fundamental importance with regard to curriculum and instruction."

અંગ્રેજી ને ભારતીય ભાષાઓમાં થયેલા શબ્દભંડોળ અંગેનાં સંશોધનો વિશે સામાન્યપણે નજરે પડતો એક મુદ્દો એ છે કે ઘણું સંશોધનકાર્ય પ્રાથમિક શિક્ષણના પહેલા તબક્કાના વિદ્યાર્થીઓને અ અનુલક્ષીને થયું છે. જો બાળકના ભાષાવિકાસમાં એનું શબ્દભંડોળ અગત્યનો ફાળો આપતું હોય અને જો શિક્ષણ વ્યવસ્થાના પ્રાથમિક તબક્કે જ બાળકની ભાષાની ઇમારતનો પાયો નખાતો હોય તો સંશોધકો પોતાનાં સમય ને શક્તિ આ તબક્કા ઉપર કેન્દ્રિત કરે એ યથાર્થ જ કહેવાય.

શબ્દભંડોળ અનેક પ્રકારનાં હોય છે. મુખ્યત્વે તેના બે વર્ગો પડે છે: ૧. બાળકો ઓળખી શકે અને અર્થ સમજી શકે પરંતુ પોતાની અભિવ્યક્તિમાં વાપરી ન પણ શકે એવા શબ્દો, જે ઓળખ શબ્દો (recognition words) તરીકે ઓળખાય છે, અને ૨. જે શબ્દોને બાળકો ઓળખી શકે, અર્થ સમજી શકે અને પોતાની

વાણી યા લેખનમાં વાપરી શકે એવા શબ્દો, જે વાપર શબ્દો યા અભિવ્યક્તિના શબ્દો (reproduction vocabulary)તરીકે ઓળખાય છે. આને વાચન શબ્દભંડોળ અને લેખન યા સક્રિય (active) શબ્દ ભંડોળ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. બન્ને પ્રકારના શબ્દભંડોળનો ઉપયોગ વિદ્યાર્થીએ કરવાનો છે. ભાષા શિક્ષણમાં વાપર શબ્દભંડોળનો ઉપયોગ વિશેષ થાય છે જ્યારે ભાષાવિકાસમાં તે ઉપરાંત ઓળખ શબ્દભંડોળનું મહત્ત્વ ઘણું છે.

બેઉ પ્રકારના શબ્દભંડોળનું કામ વિદેશી તેમ જ ભારતીય ભાષાઓમાં થયું છે. આ સંશોધકોએ કયાં સાધનોનો ઉપયોગ કર્યો છે? ઓળખ શબ્દભંડોળ માટે તો સાહિત્યના માનીતા તથા પ્રશિષ્ટ ગ્રંથો, સામયિકો, ઇત્યાદિનો ઉપયોગ અંગ્રેજી ભાષાના સંશોધકોએ કર્યો છે. ભારતીય સંશોધકોએ મુખ્યત્વે પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કર્યો છે.

વાપર શબ્દભંડોળ માટે વિદ્યાર્થીઓને અમુક વિષયો આપી તે ઉપર નિબંધ, પત્ર કે વાર્તા લખાવવાનો સંશોધકોએ પ્રયત્ન કર્યો છે. નાનાં બાળકોને લેખિતને બદલે મૌખિક કસોટીઓ આપવામાં આવે છે અને પ્રત્યેક બાળકની મુલાકાત દરમિયાન એના ઉત્તરો યા બોલીનું ટેઇપ રેકોર્ડીંગ કરવામાં આવે છે. સર્વેક્ષણની આ રીતો લગભગ બધાં સંશોધકોએ અપનાવી છે.

પ્રસ્તુત સંશોધકને એમના પુરોગામીઓના કાર્યમાંથી મળેલું માર્ગદર્શન :

થઇ ગયેલાં સંશોધનોમાંથી પ્રસ્તુત સંશોધકને પોતાના સંશોધનનું ક્ષેત્ર, એનો વ્યાપ, સંશોધન પધ્ધતિ તથા સંશોધનના સાધનો નક્કી કરવામાં સારું માર્ગદર્શન મળ્યું છે.

ઘણા ખરા સંશોધકોએ ઉપર જણાવ્યું છે તેમ પ્રાથમિક

શિક્ષણના પહેલા તબક્કાને શબ્દભંડોળના સંશોધનોમાં પ્રાધાન્ય આપ્યું છે. વળી એમણે વાપર શબ્દભંડોળ શોધવા તરફ વિશેષ લક્ષ આપ્યું છે. પ્રસ્તુત સંશોધનમાં પણ સંશોધકે આ વાત ધ્યાનમાં રાખીને પ્રાથમિક તબક્કે વાપર શબ્દભંડોળ માટે કામ કર્યું છે. જો કે આ સંશોધકોએ માહિતી એકત્ર કરવા માટે વિદ્યાર્થીઓ પાસે પત્રલેખન, નિબંધ લેખન કરાવ્યું છે જયારે પ્રસ્તુત સંશોધનમાં લેખિત યા મૌખિક કસોટી આપવામાં આવી છે.

ભારતીય સંશોધકોમાં ભટ્ટ, સિયોળેકર, રૂકમણી, વકીલ, રાવલ તથા લાકડાવાળા વગેરે નામો જાણીતાં છે. તેમાં પણ શ્રી અરૂણા જાત્યાઇ તથા શ્રીનિવાસાચારીના સંશોધનથી એક બાબત પધ્ધતિ અંગેની સંશોધકને ઉપકારક નીવડી. આ સંશોધકોએ ૪ થી ૭ વયજૂથનાં બાળકોનો અભ્યાસ કર્યો છે અને તેમની મૌખિક ભાષા ટેઇપ કરી છે. જયારે પ્રસ્તુત સંશોધનમાં પણ શ્રેણી ૧ તથા ૨ ના વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યક્તિ નબળી હોવાને કારણે તેમની મૌખિક અભિવ્યક્તિ ટેઇપ કરવામાં આવી છે.

અન્ય સંશોધનોમાં વિદ્યાર્થીઓ પાસે નિબંધ લખાવીને વાપર શબ્દભંડોળ પ્રાપ્ત કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધનમાં પણ વાપર શબ્દભંડોળ વિદ્યાર્થીઓના લેખન દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યું છે. પરંતુ તે માટે યોજેલી કસોટીઓમાં વૈવિધ્ય છે. વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલું શબ્દભંડોળ જાણવા માટે એના રોજબરોજના જીવનને આવરી લેતાં કેટલાંક પાસાંઓ જેવાં કે શરીરના ભાગો, રમતગમત, વર્ગની ચીજો, ખાવાની ચીજો, પહેરવાની ચીજો, રમકડાં, પશુપંખી, મુસાફરીનાં સાધનો - વાહનો, શાકભાજી, ફળો, વગેરેનો ઉપયોગ કર્યો છે. વર્ણનાત્મક લખાણ માટે - હોળી, દિવાળીના તહેવારો, મેળો, ઇત્યાદિ સૂર્ય-ચન્દ્ર-નદી જેવાં કુદરતનાં તત્ત્વોનો ઉપયોગ કર્યો છે. વળી વિદ્યાર્થીને મુક્ત યા

૨૩ નિબંધ અભિવ્યક્તિની તક પૂરી પાડવાના હેતુથી એને એક મનપસંદ વાર્તા કહેવા યા લખવાનું પણ કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત ચિત્રવાચન માટે વિદ્યાર્થીઓ સમક્ષ ચિત્રો રજૂ કરવાની પ્રયુક્તિ પણ નવી કહેવાય.

ગુજરાતી શબ્દભંડોળ અંગેના ત્રણ ક્રમિક સંશોધનોમાં વકીલ, રાવલ, તથા લાકડાવાળાએ સંશોધનોમાં વિદ્યાર્થીઓના લેખનોની મદદથી તેમ જ પાઠ્યપુસ્તકોની મદદથી અનુક્રમે વાપર શબ્દભંડોળ તેમ જ ઓળખ શબ્દભંડોળ બન્ને શોધ્યાં છે. જ્યારે પ્રસ્તુત સંશોધનમાં ફક્ત વાપર શબ્દભંડોળ પ્રાપ્ત કરવાનો મર્યાદિત હેતુ રાખ્યો છે. આ સંશોધનોમાં પણ મુખ્યત્વે નિબંધ લેખન દ્વારા જ વાપર શબ્દભંડોળ એકત્ર કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનમાં પણ તે જ પધ્ધતિ અખત્યાર કરી છે. પણ કસોટી તૈયાર કરીને વિદ્યાર્થીઓની મૌખિક યા લેખિત અભિવ્યક્તિ પરથી શબ્દભંડોળ પ્રાપ્ત કર્યું છે.

પ્રસ્તુત સંશોધન ઉપરોક્ત ત્રણે ગુજરાતી શબ્દભંડોળના સંશોધનો કરતાં કેટલીક બાબતમાં ભિન્નતા દર્શાવે છે. એક તો વયની બાબતમાં વકીલ, રાવલ તથા લાકડાવાળાએ ૧૧+, ૧૨+ તથા ૧૩+ના વિદ્યાર્થીઓ પસંદ કર્યા છે, જ્યારે આ સંશોધનમાં સમગ્ર તબક્કાઓ ૧ થી ૫ શ્રેણીના અર્થાત્ ૬ થી ૧૧ વર્ષના વયજૂથને આવરી લેવાયું છે.

બીજી બાબત શહેરની શાળાના વિદ્યાર્થીઓ તથા ગામડાની શાળાના વિદ્યાર્થીઓ માટેની છે. આ બન્ને પ્રકારના બાળકોની સિધ્ધિ પણ માપવાનો પ્રયત્ન પ્રસ્તુત સંશોધનમાં થયો છે.